ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી-જુનાગઢ
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[ Gujarat Public Universities Act No. 15/2023 ]

**પરિપત્ર: -**

**વિષય:GCAS પોર્ટલ અંતર્ગત રાઉન્ડ-૦૩ના ઓફર લેટર જનરેટ કરવા બાબત.**

અત્રેની યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/સંસ્થાઓના આચાર્યશ્રીઓને સવિનય જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬માં **GCAS PORTAL** પર એડમીશન પ્રક્રિયા કાર્યરત છે.જે અંતર્ગત પ્રથમ તબ્બકાના ૨ રાઉન્ડ પુરા થઇ ચૂકેલ છે.રાઉન્ડ -૦૩ની પ્રક્રિયા સંસ્થા/કોલેજ દ્વારા આજ સાંજ સુધી કરવાની રહેશે.જેના માર્ગદર્શન નીચે મુજબ છે.ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીમાં દરેક રાઉન્ડવાઈસ માહિતી આપવાની હોવાથી **સાંજ ૦૫:૦૦ સુધીમાં** ઓફર લેટર જનરેટ કરવાના રહેશે.

૧. પ્રથમ તબક્કામાં તથા બીજા તબ્બકામાં જે વિદ્યાર્થીઓને ઓફર લેટર મળેલ હતા પરંતુ જે તે સમય દરમિયાન સંસ્થા/કોલેજમા એડમીશન લીધેલ નથી તેવા વિદ્યાર્થીઓ તે સંસ્થા/કોલેજમાં બીજીવાર આપશ્રીના પોર્ટલમાં રાઉન્ડ-૦૩ માં જનરેટ લીસ્ટમાં બતાવશે.જે વિદ્યાર્થીઓએ એડમીશન કન્ફર્મ કરેલ છે તેવા વિદ્યાર્થીના ઓફર જનરેટ કરી શકશે નહિ.

૨. અમુક સંસ્થા/કોલેજમાં વિદ્યાર્થીઓની પસંદગી વધારે હોવાથી બાકી રહેલ વિદ્યાર્થી મેરીટમાં આવશે તો વિદ્યાર્થીનું નામ જનરેટ લીસ્ટમાં આવશે.

૩.સંસ્થા/કોલેજ દ્વારા **કેટેગરીવાઈસ જેમ કે GENERAL/SEBC/SC/ST/EWS** ઓફર આપવાની રહેશે.ઓફર બોક્ષ ઓપન હોવાથી જે તે કેટેગરીવાઈસ ઓફર આપની તાર્કિક સૂઝથી જનરેટ કરવાની રહેશે.ધારો કે ,સંસ્થા/કોલેજ દ્વારા બધા ઓફર લેટર જનરલ કેટેગરીવાળા વિદ્યાર્થીઓને જ ઓફર કરેલ હશે તેવા વિદ્યાર્થીઓ માત્ર **જનરલ કેટેગરીમાં** આવતા હશે તેને જ ઓફર લેટર જનરેટ થશે.બાકીની કેટેગરીવાળા વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહેશે. જેથી ઓફર લેટર જનરેટ કરવા ભૂલ ન થાય તે ધ્યાન રાખવાનું રહેશે

૪.સંસ્થા/કોલેજ દ્વારા ઓફર વધારે હશે પરંતુ વિદ્યાર્થીઓના એડમીશન કન્ફર્મ ઇન્ટેકની મર્યાદામાં જ થશે.જેથી વધારે ઓફર જનરેટ કરતા વધુ વિદ્યાર્થી આવતા હોય તો વિદ્યાર્થીને લગતા પ્રશ્નોની જવાબદારી જે તે સંસ્થા/કોલેજની રહેશે.

૫.આપશ્રી દ્વારા કરેલ ઓફર જનરેટની **પ્રિન્ટ રીપોર્ટમાં Offer Details** ડાઉનલોડ કરવાથી વિદ્યાર્થીને લગતી માહિતી મળશે.

Bhakta Kavi Narsinh Mehta University Junagadh.

**કા.કુલસચિવ**

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/ ૨૩૫/૨૦૨૫
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ,
તા. ૦૫/૦૬/૨૦૨૫

પ્રતિ,

- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજ/સંસ્થાઓના આચાર્યશ્રીઓ તરફ..

**નકલ સાદર રવાના:**

(૧) માન. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવ તરફ..
(૨) આઈ.ટી.સેલ. વિભાગ (યોગ્ય કાર્યવાહી તેમજ વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા અર્થે)